

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*કરાવે 'જંગ' થી સંબંધો તંગ, લાંબી જીભ!*
*રહે ક્યાંકના ન થાય કોઈના, લાંબી જીભ!*
*કરવા ન દે જંપ કેજરીને, લાંબી જીભ!*
*કરાવે માનભંગ ચારેકોર, લાંબી જીભ!*

**હાઈકુ**

*કનડે હવે,*
*પ્રભુની પ્રાર્થનામાં -*
*પહેરવેશ!!*
*(ફતવો!!)*

*કુરુક્ષેત્રમાં,*
*ક્યાક માંહોમાંય -*
*યાદવાસ્થળી!*
*(સત્તાનો નશો)*

### ચિંતન

**સુખી તો અસ્મિ સુખા પન્ને દુખિતો દુખિતે જને ।**
**સર્વસ્ય પ્રિય મિત્રં ચ તેન જીવામિ અનામયમ્ ॥**

બીજાનું સુખ જોઈ-સુખી જોઈ હું પમ મારા અંતરાત્માથી સુખ અનુભવું છું અને બીજાને દુ:ખી જોઈ, મારો અંતરાત્મા પણ વલોપાત અનુભવે છે. અર્થાત્ દુ:ખી થાય છે. બધાં મારા સંપર્કમાં આવે તે સર્વ પ્રત્યે હું મૈત્રીભાવ અને સ્નેહ રાખી શાંતિ અનુભવું છું.

પરિણામે મને સુખ-શાંતિ તો મળે છે પણ કોઈ જ પ્રકારની ચિંતા રહેતી નથી પરિણામે તન-મનથી નિરામય, નિરોગી-સ્વસ્થ રહું છું.

દુ:ખ-ચિંતાનું કારણ મન છે સ્વસ્થ મનથી - બધાંને 'રામમય' જાણી વંદનીય ગણીને સૌની સાથે પ્રેમથી વર્તન કરવાથી નિશ્ચિંત થવાય છે. નિરોગી જીવન જ સુખ-શાંતિ આપે છે.

### સુવિચાર

- હૃદયને એવી આંખો છે જેની મગજને ખબર નથી - **પાસ્કલ**
- ઘરના અર્થતંત્રને સુચારું ને કાબુમાં રાખવાનો મહામંત્ર છે 'કમાવા કરતાં થોડુંક ઓછું વાપરવું' - **જેરમી ટેલર**
- ધર્મના પુસ્તકોના જ્ઞાનથી ધર્માત્મા નથી બનાતું, પણ તે મુજબ જીવન વિતાવીને ધર્માત્મા બનાય છે - **અખંડ આનંદ**
- પરમાત્માની ભક્તિ વગર જીવવું એ મુડદાને અલંકાર પહેરાવવા સમાન છે - **તુકારામ**
- 'આવડત અને વિશ્વાસ' એ માણસના અપરાજિત સૈન્ય છે- **એસ. ભટ્ટાચાર્ય**
- સ્વર્ગમાંથી તમામ જગ્યાઓ એકસરખા અંતરે દેખાય છે - **રશિયન કહેવત**
- નિંદાનો સૌથી શ્રેષ્ઠ જવાબ મૌન છે - **કાંતિ ભટ્ટ**
- આજનું ઔષધ : પગમાં વાઢિયા-ચીરા ઉપર મૂળાના પાનનો રસ લગાવવાથી ફાયદો થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ગરીબી એટલે કંઈ લાચારી-હતાશા નહીં પણ હિંમતથી એવી પરિસ્થિતિ સામે લડવાની તાકાત એકત્ર કરવી અને ગરીબી ખંખેરી નાખવી.

પાઠશાળા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ગંગાપાર એક મેળામાં જતા હતા. ચાર આનામાં હોડીવાળો સામે પાર લઈ જતો. લાલ પાસે પૈસા ન હતા તેથી નદી કાંઠે બેઠો હતો.

ત્રણ-ચાર મિત્રોએ એમની સાથે 'મફત'માં ઘૂસી જઈ મેળામાં આવવા સમજાવ્યો - પણ 'લાલ' એવી છેતરપીંડીમાં સહમત ન થયો. મિત્રો તો મેળે ચાલ્યા ગયા. લાલને એક વિચાર આવ્યો. કપડાં ઉતારી એક પ્લાસ્ટિકની થેલીમાં ભર્યા - થેલી પીઠ પર બાંધી અને આરામથી ગંગા નદી તરીને સામે કાંઠે પહોંચ્યો અને મિત્રો સાતે મેળાની મોજ માણી સાંજે અંધારું થતાં જ ફરી નદી તરીને પાઠશાળામાં પહોંચી ગયા.

આ લાલ એ ભારતના વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીજી.

# કૅપિટલ રેલવે સ્ટેશનનો સમ્યક્ વિકાસ જરૂરી

મોડું મોડું પણ કૅપિટલ રેલવે સ્ટેશનના નશીબ આડેથી પાંદડું ખસી રહ્યું હોવાના સમાચાર ગાંધીનગરવાસીઓને જરુર પ્રોત્સાહિત કરશે. કહેવાય કૅપિટલ રેલવે સ્ટેશન; પણ નામ મોટાં, દર્શન ખોટાં! ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ માટે લાલકૃષ્ણ અડવાણી જેવા સમર્થ સાંસદ કશું નહોતા કરી શક્યા તે હવે નવા મુખ્યમંત્રીની નિશ્રામાં કેન્દ્રની રહેમનજર હેઠળ સંપન્ન થવાનું હોય તો કોને આનંદ ન થાય? બલકે ફક્ત પાટનગરવાસીઓને જ નહીં, આખા ગુજરાતને કૅપિટલ રેલવે સ્ટેશનના વિકાસમાં ગૌરવની લાગણી થશે. રેલવે સ્ટેશનને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિકસાવવા માટે રેલતંત્ર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે પ્રયાસો ચાલુ થયા હોય તો તે ખરે જ આવકારદાયક છે. કૅપિટલ રેલવે સ્ટેશનની બાજુમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ન સમું મહાત્મા મંદિર અને દાંડી કુટિર આવેલ છે. આ બેઉ સ્થળોએ પ્રવાસન નકશામાં આગવું સ્થાન હાંસલ કર્યું છે. અગાઉ ગાંધીનગર આવનારા પ્રવાસીઓ માટે આકર્ષણનું એક માત્ર કેન્દ્ર હતું અક્ષરધામ. હવે મહાત્મા મંદિર એક રાષ્ટ્રીય તીર્થની હૅસિયતથી પ્રવાસીઓને આકર્ષે છે ત્યારે ગાંધીનગરની સૌથી નબળી કડી હોય તો તે ટ્રાન્સપોર્ટેશનની છે. દેશની તમામ રાજયોની 'રાજધાનીઓ' દિલ્હી સાથે રાજધાની કે મોટાં શહેરો સાથે શતાબ્દી જેવી સુપરફાસ્ટ ટ્રેનોથી સંકળાયેલી છે. એક આ ગાંધીનગર એવું પાટનગર છે જયાં રાજધાની કે શતાબ્દીનાં પાવન પગલાં હજી સુધી નથી પડ્યાં. વસાહત મંડળના વડા અરુણભાઈ બૂચ અને બીજા આગેવાનોએ સેંકડો વાર રજૂઆતો કરી પણ તે નેતાઓના બહેરા કાને અથડાઈને નિષ્ફળ જ રહી છે. ત્યારે અલાદ્દીનના ચિરાગની જેમ એકાએક રૂપાળા મુખ્યમંત્રી રૂપાણી વિજયી મુદ્રામાં કૅપિટલ રેલવે સ્ટેશન પર સપ્તતારક હોટેલ માટેની મંજૂરી લઈ આવતા હોય તો આ એમની પાઘમાં પણ યાદગાર છોગું બની રહેશે એમાં શંકોને સ્થાન નથી. આ યોજના મૂળે તો વડાપ્રધાનના ફળદ્રુપ ભેજાની જ નીપજ હશે. અત્યાર લગી ઉપેક્ષિત રહેલા ગરવી ગુજરાતના પાટનગરને આવી વિશિષ્ટ ભેટ ધરીને ૨૦૧૭ની ચૂંટણી માટેનું ગ્રાઉન્ડ તૈયાર કરતા હોય તો પણ એમાં ખોટું શું છે? પ્રજા માટે તો ગાય વાળે તે ગોવાળ! મહાત્મા મંદિર અને દાંડીકુટિર સાથે સાંકળીને સેવન સ્ટાર હોટલ સહિતના કૅપિટલ રેલવે સ્ટેશનનો સરખો વિકાસ થશે તો ગુજરાત અને ગાંધીનગર માટે એ કાયમી સંભારણું બની રહેશે. પરંતુ એક દહેશત પણ રહે છે : મહાત્મા મંદિર અને સેવન સ્ટાર હોટલની મુલાકાત લેનારા મોટા ભાગના પ્રવાસીઓ તો ગગનવિહારી હોવાના - અર્થાત્ 'બાય એર' મુસાફરી કરનારા. ત્યારે જો અહીંના રેલવે સ્ટેશનેથી પ્રિમિયમ ટ્રેનો દોડાવવામાં

**તંત્રીસ્થાનેથી...**

ચૂક થશે તો રેલવે સ્ટેશન પર કાગડા ઊડતા રહેશે અને સેવન સ્ટાર હોટલમાં એડવાન્સ બુકિંગ કરાવવું પડે એવી સ્થિતિ પેદા થશે! આશા રાખીએ કે વિકાસની વ્યાખ્યામાં સામાન્ય નાગરિકો - કોમન મેનનો પણ સમાવેશ થાય. એ ફક્ત વીવીઆઈપી થાણું જ બની જવાનું હોય તો એમાં પ્રજાને મુદ્દલ રસ નહીં રહે!

# આશ્વાસન ત્યારે જ સફળતામાં પરિણમે કે જયારે આશ્વાસન આપનાર વ્યકિત પર વિશ્વાસ હોય

'ના, મારે તો જોઈએ જ.'

જેવી રમકડાંની દુકાન આવે કે તરત બાળક રમકડું ખરીદવા માટે જીદ કરે. મા તેને કાંઈક કહે ને બાળક છાનુ થઈ જાય, ફરી બીજી કોઈ દુકાન આવે જેમાં બાળકને ગમતી વસ્તુ હોય અને તે લેવા માટે ફરી જીદ કરે અને મા બાળકને સમજાવવાનો પ્રયત્ન કરે પરરંતત હવે બાળક સમજવા બિલકુલ તૈયાર નથી. બાળકને સમજાવવાના મા ના બધાં જ પ્રયત્નો નિષ્ફળ જાય છે, ત્યારે તે કહે છે કે " પપ્પા સાથે આવીશું ત્યારે તને લઈ દઈશું. આના કરતાય મોટું. અત્યારે તો મારી પાસે એટલા પૈસા પણ નથી.'' અને બાળક પપ્પા સાથે ફરીથી બજારમાં આવવાના અને મોટું રમકડું ખરીદવાના આશ્વાસનથી રાજી થાય છે. આ નાનકડું આશ્વાસન બ્રહ્માસ્ત્ર સાબિત થાય છે.

દરેક વ્યકિત આશ્વાસન પર જીવે છે. મમ્મી બાળકને આશ્વાસન આપે છે, પતિ-પત્નિને આશ્વાસન આપે છે. શિક્ષક વિદ્યાર્થીને આશ્વાસન આપે છે અને નેતા પ્રજાને આશ્વાસન આપે છે. આમ જોવા જઈએ તો 'આશ્વાસન' એ હાલ પૂરતી વાત ટાળવાની એક ટેકનીક પણ છે. જે માંગણી કે પ્રશ્ન ઉપસ્થિત થયો હોય તેને તત પૂરતો ટાળી દેવો, પછી 'આગે દેખા જાયેગા' ની નીતિ અપનાવાતી હોય છે.

મૂળભૂત રીતે આશ્વાસન શબ્દ એ નપુસકલીંગ છે. જેનો શબ્દકોશીય અર્થ દિલાસો આપવો, સાંત્વના આપવી અને હિંમત આપવી વગેરે થાય છે. કોઈ સગાનું એકાએક અવસાન થાય ત્યારે આપ્તજનો આશ્વાસન આપવા દોડી આવે છે. કોઈના અવસાન પ્રસંગે સામૂહિક રીતે અપાતાં આશ્વાસનને બેસણું કહેવામાં આવે છે. ઓછા ટકા આવવાથી દિલાસો આપનાર શિક્ષક તે વિદ્યાર્થી માટે દેવદૂત સમાન બની રહે છે. 'બેટા, ચિંતા ન કરીશ, તારી અંદર અમાપ શકિતઓ પડેલલ છે. તું ભવિષ્યમાં ચોકકસ સફળ થઈશ, તેનો મને વિશ્વાસ છે.' આશ્વાસનનું આ વિધાન કોઈપણ વિદ્યાર્થી માટે સંજીવની સાબિત થઈ શકે.

આજે સૌથી મોટો દુકાળ વર્તાતો હોય તો તે છે 'હિંમત રાખવી' અને કોઈકને 'હિંમત આપવી'. આ પ્રકારનો અભ્યાસક્રમ કોઈ યુનિવર્સિટીએ તૈયાર કર્યો હોય તેવું જાણમાં નથી. કોઈકનો ઉત્સાહ વધારવો, હિંમત આપવી કે દિલાસો આપવો વગેરે હતાશ અને નિરાશ થઈ ગયેલા યુવાન માટે વર્તમાન યુગમાં જડીબુટ્ટી સમાન છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન કૃષ્ણએ પાને પાને આશ્વાસનો પાથર્યા છે.

નષ્ટોમોહ : સ્મૃતિર્લબ્ધા...ત્વાપ્રસાદાન્મયાચ્યુત (અધ્યાય : ૧૮, ૭૩)

કહીને ઊભો થનારા પાર્થનો 'ઈનર પાવર' કૃષ્ણએ અઢળક આશ્વાસનો આપીને જગાડયો છે.કૃષ્ણએ જ અર્જુનને હિંમત આપી. આશ્વાસનના શબ્દો અસર કરી ગયા. અર્જુન પુન: લડવા માટે તેયાર થઈ ગયો. પેલા બાળકને પપ્પા સાથે પુન: બજારમાં આવવાનું અને મોટું રમકડું ખરીદવાનું આશ્વાસન મળી ગયું. બાળક ફરીથી હસતું ને રમતું થઈ ગયું. કૃષ્ણએ આપેલા ઘણાબધા આશ્વાસનો પૈકી એકાદ આશ્વાસન આપણી સમસ્યા માટે ચોક્કસ બંધબેસતુ બની રહે છે અને આપણે હતાશા ને નિરાશા ખંખેરીને પુન: હસતાં-રમતાં થઈ જઈએ છીએ.



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

હનુમાન જયારે દરિયા પાર જવાની અશકિત દેખાડે છે, ત્યારે જામુવંતજી તેને હિંમત આપતા કહે છે, કે 'તારી અંદર અમાપ શકિતનો ખજાનો પડયો છે. હે હનુમાન! આ મુશ્કેલ અને પવિત્ર કાર્ય તારા થકી જ પાર પડી શક શત.' હનુમાનજી પર આ શબ્દોની કેવી અસર થઈ, એ પછીની વાર્તા તો આપણે સસૌ જાણીએ જ છીએ .

આશ્વાસન ત્યારે જ સફળતામાં પરિણમે કે જયારે આશ્વાસન આપનાર વ્યકિત પર વિશ્વાસ હોય. આશ્વાસન આપનાર વ્યકિત જો વિશ્વસનીય ન હોય તો આપેલા આશ્વાસનો ધારી અસર ઉપજાવી શકતા નથી. ઉદાહરણ કૃષ્ણએ આપેલા આશ્વાસનોની અર્જુન પર પરિણામી અસર ઉપજે છે જયારે નેતાના આશ્વાસનોની પ્રજાઆંશિક અથવા બિલકુલ અસર થતી નથી. કુરાનની શિક્ષાઓ-આશ્વાસનો ખૂબ સરળ સહજ અને માનવ પ્રકૃતિને અનુકૂળ છે. (મુહમ્મદ સા. જીવન -ચરિત્ર) ગુરુ પોતાના શિષ્યને આશ્વસ્ત કરે છે, ડાંકટર દર્દીને દિલાસો આપે છે, એક વકીલ અસીલને જીતવાનું આશ્વાસન આપે છે, એક મિત્ર બીજા મિત્રને હિંમત આપીને તેની હતાશા દૂર કરે છે.

આધુનિક યુગમાં આશ્વાસન આપવું અને આશ્વસ્ત થવું એ બે પ્રક્રિયા મહત્ત્વની બની છે. કોઈ મેડિકલ સ્ટોરમાં હિંમત, દિલાસો કે ઉત્સાહની ટેબલેટ મળે છે? જો જવાબ ના હોય તો આ ટેબલેટ દરેકની પાસે છે જ આપણે તેનો સદ્ઉપયોગ કરી શકીએ.

મિસરી : પાંખ તો કાપી શકો છો જોશ કાપી નહીં શકો, જટાયુ છું 'સીતા'ને બચાવવાની આદત છે મને. (રાકેશ સાગર)

# બીબાંઢાળ સરકારી ભાષામાં વ્યક્ત થતા ટાગોર અને ગાંધીના શ્રેષ્ઠ સંબંધો

## જેલ કેદી ગાંધીજીએ કવિવરના જન્મદિનની અપીલમાં સહી કરવા સરકારની મંજૂરી માગી હતી

ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોર અને મહાત્મા મો.ક. ગાંધીના પ્રેમાળ-લાગણી ભીનાં સંબંધો બહુ જાણીતા છે. થોડા વર્ષો પહેલા આવી હિન્દી ફિલ્મમાં ફિલ્મના નાયકને એક સવાલ પૂછવામાં આવે છે. ગાંધીજીને મહાત્માનું બિરુદ કોણે આપ્યું. એમ.એફ. રેડિયો ક્વિઝમાં ફિલ્મનો નાયક જવાબ આપે છે, રવિન્દ્રનાથ ટાગોરે. જવાબનો સાચો ઉત્તર તરીકે સ્વીકારવામાં આવે છે. અલબત્ત આ જવાબ સાચો હોવા અંગે આ લેખકને શંકા છે, મહાત્મા ગાંધીને મહાત્મા તરીકે ગુરુદેવે સંબોધ્યા કે ગણાવ્યા એ અગાઉ થોડા વર્ષો પહેલાં જામનગરના એક શિક્ષક જીવરામ જોષીએ તેમને એક પત્રમાં મહાત્મા તરીકે સંબોધન કર્યું હતું. એવું પ્રમાણ મળે છે. આપણી ચર્ચા મો.ક. ગાંધીને કોણે મહાત્માનું બિરુદ આપ્યું એ નથી પરંતુ મહાત્મા અને ગુરુદેવના સંબંધો વિશે છે.

૧૯૩૧માં કવિવર રવિન્દ્રનાથ ટાગોરનો ૭૧મો જન્મદિન આવતો હતો. એના ઉપલક્ષમાં બંગાળના મોર્ડન રિવ્યુના પબ્લિશર્સ રામાનંદ ચેટરજીએ કવિવર ટાગોરને તેમના જન્મદિને અર્પણ કરવાના અભિનંદન ગ્રંથ 'ધ ગોલ્ડન બુક ઑપ ટાગોર - ૧૯૩૧'ની અપીલમાં સદી કરવા માટે ગાંધીજીને પત્ર લખ્યો હતો. આ અભિનંદન ગ્રંથ માટેની અપીલમાં સહી કરનારા અન્ય મહાનુભાવોમાં ભૌતિકશાસ્ત્રી જગદીશચંદ્ર બોઝ, વિખ્યાત રોમાંરોલાં અને વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો સમાવેશ થતો હતો.

'ગોલ્ડન બુક ઑફ ટાગોર' પુસ્તક અર્પણ કરવાના કાર્યની અપીલ માટે ગાંધીજીને શ્રીયુત ચેટરજીએ પત્ર લખ્યો ત્યારે ગાંધીજી યરવડા સેન્ટ્રલ જેલમાં કેદવાસ ભોગવતા હતા. આથી સરકારના કેદી એવા ગાંધીએ અંગ્રેજ અધિકારી મેજર માર્ટિનને અપીલમાં સહી આપવાની મંજૂરી માગતો પત્ર લખ્યો હતો.

તા.૧૬ જાન્યુઆરી, ૧૯૩૧ના મેજર માર્ટિનને પાઠવેલા પત્રમાં ગાંધી લખે છે, આ અપીલમાં સહી કરનારાઓમાં બીજાઓ ઉપરાંત જગદીશ ચંદ્ર બોઝ, રોમારોલાં અને આઈન્સ્ટાઈન પણ છે. મને રજા હોય, તો સહી આપવાનું મને ગમે. મને આવી રજા આપવાની તમને સત્તા નથી એવું તમને લાગતું હોય તો કૃપા કરીને સરકારની ઈચ્છા જાણી લેશો? મને સત્વરે જવાબ મળે તો સારું.

જો કે ૧૬ જાન્યુઆરી ૧૯૧૬ના આ પત્ર સંબંધે અપીલમાં સહીની મંજૂરી ૧૦ દિવસ બાદ ૨૬ જાન્યુઆરી ૧૯૧૬ના આપવામાં આવી હતી. આ દિવસે અંગ્રેજ સરકારે ગાંધીજીને જેલમાંથી છોડ્યા પણ હતા. ગાંધીજીએ અપીલમાં સહી રજાના પત્ર પર નીચે મુજબનું ટાંચણ હતું. ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૪૫, ૧૨૪ - આર વિ. માર્ટિનને પત્ર, પાન-૯૦,માં સંદર્ભ નોંધ તરીકે પ્રસિદ્ધ થયેલ છે. બોમ્બે સિક્રેટ એબ્સ્ટ્રેક્ટ્સમાં લેવામાં આવેલી નોંધમાં અંગ્રેજ અધિકારીઓની ગાંધીજીની સહી રજા સંબંધેના પત્રની ફાઈલ નોંધ નીચે મુજબ જોવા મળે છે.

'આ અપીલ પર સહી કરવા એમને છૂટ નહીં આપવાનું કોણી કારણ હું જોતો નથી. અપીલમાં કશું જ રાજકીય તત્ત્વ નથી. એ તથા ટાગોર વર્ષો જૂના મિત્રો છે.'

હોટસન /૨૨-૧ (અંગ્રેજ અધિકારી / તારીખ)

'આદેશ આપવામાં આવે છે કે આઈ.જી.પી.એ જરુરી હુકમો કાઢવા.'

જી.સી./૨૨ (પરિપત્ર / તારીખ)



**ગાંધી ૧૦૦**

ડૉ. રાજેન્દ્ર જાની

'અપીલ પર સહી કરવાની કેદીને છૂટ આપવામાં આવે.'

ઈ. ઈ. ડૉઈલ (અંગ્રેજી અધિકારી / ૨૫-૧-૩૧)

'કેદીને અપીલ હાથોહાથ આપવામાં આવી છે.'

આર.વિ. માર્ટિન, ૨૬-૧-'૩૧.

એક કેદી - સરકારી તંત્ર અને સહી માટેની રજામંદી રજૂઆતના ૧૦ દિવસ બાદ જેલવાસની છૂટ્ટી સાથે મળી એ આપણે જોયું. તો જેમના માટે આ મંજૂરી માગવામાં આવી તેવા રવિન્દ્રનાથ ટાગોર વિશે ગાંધી શું કહે છે એ પણ જોઈએ. ટાગોરના ૭૧મા જન્મદિવસ પ્રસંગે ટાગોરને અંજલિ આપતા ગાંદી લખે છે : 'તેમના હજારો બાંધવોની પેઠે હું પણ તેમનો ધણો ઋણી છું. તેમની કાવ્ય પ્રતિભા અને જીવનની અસાધારણ પવિત્રતા વડે તેમણે હિંદને દુનિયાની દષ્ટિમાં ઊંચો ચડાવ્યો છે. પણ હું તો તેથીયે વિશેષ ઋણી છું. દક્ષિણ આફ્રિકાથી મારી પહેલા હિંદ આવનારા મારા આશ્રમના અંતેવાસીઓને તેમણે (કવિવર ર.ટા.એ.) શાંતિ નિકેટનમાં આશ્રય ન હતો આપ્યો ? - આમ તેઓ ગાંધીના સ્વદેશ ગમન પહેલા ટાગોરે કરેલી મદદને યાદ કરે છે. સાથેસાથે અંજલિ સ્વરુપેના લખાણમાં છેલ્લી લીટીમાં તેઓ નોંધે છે - બીજા સંબંધો અને સંસ્મરણો તો જાહેર અંજલિમાં ન કહી શકાય એટલાં પવિત્ર છે.'

કેદી તરીકે સહી કરવાની મંજૂરી માગતી યાચિકામાં ખુદ ઉચ્ચ અંગ્રેજ અધિકારીની નોંધમાં એવો ઉલ્લેખ આપણે જોયો કે એ (મો.ક. ગાંધી) અને ટાગોર વર્ષો જુના મિત્રો છે. તુમારમાં અટવાતી અને સરકારી બીબાઢાળ ભાષા પણ બંનેનાં સંબંધો એક અંગ્રેજ અધિકારી વ્યક્ત કરી દે છે એ જોવા લાયક છે.

સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૪૫, પૃષ્ઠ : ૯૦ અને ૧૨૪.

(લેખક : સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# ડૉ. કુમારપાળ દેસાઈને ગુજરાત પ્રતિભા એવૉર્ડ

● ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહી ચૂકેલા, ગુજરાતી વિશ્વકોશના સૂત્રધાર તરીકેની સેવાઓ બજાવનાર, સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, ધર્મદર્શન, ચરિત્ર, વિવેચન, સંસોધન, ચિંતન, અનુવાદ, નવલિકા વિગેરે વિષે ગુજરાતી, હિંદી અને અંગ્રેજીમાં ૧૨૫ થી પણ વધારે પુસ્તકો લખનાર અને 'ગુજરાત સમાચાર'ના પ્રસિદ્ધ કોલમ લેખક ડૉ. કુમારપાળ દેસાઈને વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા સને ૨૦૧૫નો કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા એવોર્ડ એનાયત કરવામાં આવશે,જેમાં સન્માનપત્ર, એક લાખની ધનરાશિ તથા મોમેન્ટો અર્પણ થશે.

આ એવોર્ડ ડૉ. કુમારપાળ દેસાઈએ સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, ધર્મદર્શન અને ગુજરાતી વિશ્વકોશના સૂત્રધાર તરીકેની બજાવેલ સેવાઓ બદલ આપવામાં આવશે. તેઓ જૈન વિશ્વભારતી ઈન્સ્ટિટયુટમાં પ્રોફેસર અમેટિરટ્સ છે. છેક ૧૯૬૨માં 'ગુજરાત સમાચાર' સાથે જોડાયેલા ડૉ. કુમારપાળ દેસાઈ, તેઓના સાક્ષર પિતા 'જયભિખ્ખુ' એ સને ૧૯૫૩માં શરુ કરેલી અને સને ૧૯૬૯ સુધી ચાલુ રહેલ 'ઈંટ ઈમારત' કોલમ અને સને ૧૯૭૦થી લખી રહ્યા છે. આમ છેલ્લાં ૬૭ વર્ષથી પિતા-પુત્રએ એક જ અખબારમાં એક જ કૉલમ સતત લખી હોય એવી, આ વિરલ ઘટના છે.

● અગ્રણી સાહિત્ય સર્જક અને કર્મશીલ જોસેફ મેકવાનની સ્મૃતિમાં 'જોસેમ મેકવાન ફાઉન્ડેશન ગાંધીનગર' દ્વારા આંતરે વર્ષે, સાહિત્યક્ષેત્રે તેમજ સમાજસેવા ક્ષેત્રે 'જોસેફ મેકવાન પુરસ્કાર' એનાયત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કારની શ્રૃંગલાનો દ્વિતીય પુરસ્કાર સને ૨૦૧૬ માટે ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ગુણવત્તાયુક્ત પ્રદાન કરવા માટે દિલ્હી અકાદમી એવોર્ડ વિજેતા - વાર્તાકાર અને નવલકથાકાર ડૉ. મોહન પરમાર ને 'જોસેફ મેકવાન' સાહિત્ય પુરસ્કાર અને સમાજસેવા ક્ષેત્રે ઉમદા અને નમૂનારુપ સેવાકાર્ય કરવા બદલ ઈન્દ્રકુમાર જાનીને જોસેફ મેકવાન સમાજસેવા પુરસ્કાર આપવામાં આવશે, જેમાં પુરસ્કાર સ્વરુપે પચ્ચીસ હજાર તથા સ્મૃતિચિહ્ન અર્પણ થશે. આ પુરસ્કાર અર્પણ સમારોહ તા. ૯-૧૦-૨૦૧૬ના રોજ વિદ્યાનગર (આણંત) ખાતે યોજાશે.

● ગુજરાત સાહિત્ય અકાદમીના મુખપત્ર 'શબ્દસૃષ્ટિ' નો દીપોત્સવી અંક પ્રતિવર્ષ સવિશેષ પ્રતીક્ષા જગાવતો રહ્યો છે. 'શબ્દસૃષ્ટિ'નો આગામી અંક 'દીપોત્સવી અંક' તરીકે પ્રસિદ્ધ થશે. આ અંકમાં કવિતા, વાર્તા, નિબંધ, હાસ્ય અને અભ્યાસલેખોનો સમાવેશ કરવામાં આવે છે. ફોટો સંપર્કસૂત્ર સાથે રચના/કૃતિઓને તા. ૩૦-૯-૨૦૧૬ સુધીમાં મોકલવાની રહેશે, જેનું સરનામું 'ગુજરાત સાહિત્ય અકાદમી' અભિલેખાગાર ભવન, સેકટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭ છે.

● કવિઓના નરસિંહ મહેતા - વિષય સાથે નરસિંહ મહેતાના સંદર્ભો કે જીવન વિશે લખાયેલી, સ્વરચિત કાવ્યરચનાઓનું સંકલન - સંપાદન કરવામાં આવી રહ્યું છે. આ માટે સર્જકો પોતાની સ્વરચિત રચનાઓની નીચે પોતાનું નામ/સરનામું તથા મોબાઈલ નંબર લખીને, તા.૩૦-૯-૨૦૧૬ સુધીમાં રોહિત એમ. ગોંડલિયા, C/o પ્રાણશંકર વ્યાસ, અમૃતનગર, શેરી. નં. ૩, ચક્કરગઢ રોડ, અમરેલી - ૩૬૫૬૦૧ને મોકલી શકશે.

કિસન સોનાના તાજેતરમાં પ્રગટ થયેલ બે કાવ્યસંગ્રહો બારણું બંધ કરવાની ક્ષણે અને વિંઝુછું સૂર્ય ગોફળે - પૈકી,દલિત કાવ્ય સંગ્રહ - વિંઝુછુ સૂર્ય ગોફણે - ની વિવેચન પ્રક્રિયા વિગતો ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય રમણ વાઘેલાએ તા. ૧૦-૯-૧૬ના રોજ દલિત સાહિત્ય વિચાર વિમર્શ, ગાંધીનગરના ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં આંબેડકર હોલમાં રજૂ કરી હતી. સૂર્યકેન્દ્રી કિસન સોનાની દલિત કવિતામાં આ અગાઉ પ્રગટ થયેલ સૂર્ય શિર્ષકવાળા કાવ્યસંગ્રહોની વિચારાધારા આ સંગ્રહમાં પણ દષ્ટિગોચર થાય છે.રમણ વાઘેલાએ કિસન સોસાની કવિતામાં ઉઘડતી દલિત શક્તિને જુદા જુદા આરોહ-અવરોહથી નવાજીને, ઉદાહરણ સહિત વિગતવાર રસદર્શનવિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રવીણ ગઢવી, નટુભાઈ પરમાર, સાહિલ પરમાર, નિગમના મેનેજીંગ ડાયરેટર અને સાહિત્યકાર પ્રવીણ શ્રીમાળી, મૂળજીભાઈ પરમાર અને અન્ય કવિતારસિક મિત્રો-ભાવકો, ઉપસ્થિત રહ્યા હતા.



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ખ્યાતનામ સાહિત્યકાર-નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ, જાણીતા ઈતિહાસવિદ મહેબુબ દેસાઈ આયોજિત કાર્યક્રમમાં, તા.૧૨-૯-૨૦૧૬ના રોજ, ગૂજરાત વિદ્યાપીઠમાં ઈતિહાસ વિભાગની નિશ્રામાં 'જાપાન યાત્રાનાં સંસ્મરણો' વિષયે વ્યાખ્યાન આપ્યું હતું. તથા ૨૦-૯-૨૦૧૬ના રોજ, પૂર્વ ગૃહમંત્રી યોગેન્દ્ર મકવાણાની જન્મભૂમિ સોજીત્રા ખાતે 'સોજીત્રા વિશે ગ્રામચિત્ર' બાબતે વ્યાખ્યાન આપી, સાહિત્યિક ચર્ચાઓ કરી હતી. તા.૧-૧૦-૨૦૧૬ના રોજ કુરુક્ષેત્ર યુનિ. આયોજિત એકદિવસીય સાહિત્યિક પરિસંવાદમાં તેઓ ઉદ્ઘાટન વ્યાખ્યાન આપશે.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા, કવિઓ ધૂની માંડલિયા, રમેશ ઠક્કર, શ્રીમતી રક્ષા શુકલ્, પ્રાર્થના જહા, જનક દેસાઈ, કનૈયાલાલ ભટ્ટ, અર્ચના ભટ્ટ, મુકેશ જોશી અને હરદ્વાર ગોસ્વામીની કવિતાઓને માણવાનો કાર્યક્રમ તા. ૨૬-૯-૨૦૧૬ને સોમવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સે-૧૨ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. જેનું સંકલન સાહિત્યકાર કૃષ્ણકાન્ત ઉનડકટ કરશે. શબ્દ સાધકોને પધારવા ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી નિમંત્રણ પાઠવવામાં આવે છે.

- muljibhaidadhi@gmail.com